www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૪ | ૨૩ જુલાઈ, ૨૦૧૮, સોમવાર; અષાઢ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**સુકન્યા યોજનામાં હવે ૨૫૦ રૂ. જમા કરાવી શકાશે**

કેન્દ્ર સરકારે સુકન્યા સમૃદ્ધિ યોજનામાં વાર્ષિક લઘુત્તમ રકમ જમા કરાવવાની સીમા ૧૦૦૦ રૂ.થી ઘટાડીને રૂ. ૨૫૦ કરી દીધી છે. આ જાહેરાતથી આ યોજનાઓના લાભાર્થીઓની સંખ્યા વધશે.

**સૌથી વધુ ઝડપે હજાર રનનો રેકોર્ડ પાક. ક્રિકેટરના નામે**

પાકિસ્તાનના ઓપનાર બેટ્સમેન ફખર જમાને ઝિમ્બાબ્વે સામે રમાઈ રહેલા પાંચમા વન-ડેમાં વધુ એક વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે. તેઓએ આ વન-ડેમાં બનાવેલા રન સાથે વિશ્વમાં સૌથી વધુ ઝડપે ૧૦૦૦ રન બનાવવાવાળા બેટ્સમેન બની ગયા છે. આ મામલે તેમણે વિરાટ કોહલી અને વિવ રિચર્ડસનને પાછળ છોડી દીધા છે.

**મમતા બેનર્જી દેશવ્યાપી પ્રવાસ કરશે**

આગામી વર્ષે ૧૦ જાન્યુઆરીએ કલકત્તાના બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં યોજનાર ભાજપ વિરોધી રેલીના સમર્થન માટે નવેમ્બર માસથી બે માસ સુધી સમગ્ર દેશમાં પ્રવાસ કરશે.

**આપના ધારાસભ્યો દિલ્હી હાઈકોર્ટના શરણે**

લાભના પદ મામલે અયોગ્ય ઠરાવાયેલા દિલ્હીના ૨૦ ધારાસભ્યોએ દિલ્હી હાઈકોર્ટમાં આવેદન કર્યુ છે. તેઓએ જણાવ્યુ છે કે ચૂંટણીપંચ દ્વારા લાભના પદ મામલે તેમને અયોગ્ય ઠેરવવા ખોટો નિર્ણય છે. તેની પુનઃ તપાસ થવી જોઈએ.

# માત્ર ભાષણોથી ખેડૂતોની આવક બમણી નહીં થાય

### કૃષિ ક્ષેત્રમાં વાર્ષિક ૧૪ ટકાનો વૃદ્ધિ દર હોવો જોઈએ જે હાલની સ્થિતિમાં ક્યાંય આસપાસ પણ નથી : કોંગ્રેસ કારોબારીની મિટિંગમાં મનમોહનસિંહના પ્રહારો



નવીદિલ્હી,તા. ૨૨

પોતાના મૌનના કારણે વિરોધીઓની ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલા પૂર્વ વડાપ્રધાન અને અર્થશાસ્ત્રી મનમોહનસિંહે આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે આકરા પ્રહારો કર્યા હતા. કોંગ્રેસ કારોબારી કમિટિની બેઠકમાં મનમોહનસિંહે મોદી ઉપર પ્રહારો કર્યા હતા. પૂર્વ વડાપ્રધાને ખેડૂતોની આવકને બે ગણી કરવાના વચન ઉપર કહ્યું હતું કે, કૃષિમાં ૧૪ ટકાનો વિકાસ દર હાંસલ કર્યા વગર આ બાબત શક્ય દેખાતી નથી. રાહુલ ગાંધી દ્વારા આજે કોંગ્રેસ કારોબારીની હાલમાં જ રચવામાં આવેલી બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક અંગે માહિતી આપતા કોંગ્રેસના પ્રવક્તા સુરજેવાલાએ કહ્યું હતું કે, મનમોહનસિંહે વિકાસ માટે મજબૂત પોલિસી ફ્રેમવર્ક બનાવવાના બદલે મોદી ઉપર પ્રહારો કર્યા હતા. સુરજેવાલાએ કહ્યું હતું કે, બેઠકમાં રાહુલ ગાંધીએ પીડિતોના હકમાં લડવા અને અવાજ ઉઠાવવા માટે કોંગ્રેસના કાર્યકરોને અપીલ કરી હતી. બીજી બાજુ મનમોહનસિંહે ૨૦૨૨ સુધી ખેડૂતોની આવકને બે ગણી કરવાના મોદી સરકારના વચન ઉપર ટિપ્પણી કરી હતી. મનમોહનસિંહે કહ્યું હતું કે, જો ૨૦૨૨ સુધી અમે ખેડૂતોની આવકને બે ગણી કરવાની ઈચ્છા છે તો કૃષિમાં ૧૪ ટકાનો વિકાસ દર હાંસલ કરવો પડશે જેની હાલમાં કોઈ શક્યતા દેખાઈ રહી નથી. આ વર્ષે નાણામંત્રી અરુણ જેટલીએ ૨૦૧૮ માટે રજૂ કરવામાં આવેલા આર્થિક સર્વેમાં કૃષિ ક્ષેત્રમાં ૨.૧ ટકા વિકાસદરનો અંદાજ મુક્યો હતો. હાલમાં મોદી સરકારે ખેડૂતો માટે ખરીફની ૧૪ પાક ઉપર લઘુત્તમ સમર્થન મૂલ્ય વધારવાનો નિર્ણય કર્યો હતો. ત્યારાદ મોદીના નેતૃત્વમાં ભાજપ દ્વારા આનો જોરદાર પ્રચાર કરવામાં આવી રહ્યો છે. ભાજપના નેતાઓનું કહેવું છે કે, મોદીએ ખેડૂતોને કરેલા વચનો પૂર્ણ કર્યા છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં આજે કોંગ્રેસની ઉચ્ચસ્તરીય બેઠક યોજાઈ હતી.

# સૌથી ઉંચા જીએસટી સ્લેબમાં હવે, માત્ર ૩૫ ઉત્પાદનો રહ્યા

નવીદિલ્હી,તા. ૨૨

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ જીએસટી કાઉન્સિલે સૌથી ઉંચા ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાં પ્રોડક્ટની યાદીને ઘટાડીને ૩૫ કરી દીધી છે. હવે આ યાદીમાં એસી, ડિઝિટલ કેમેરા, વિડિયો રેકોર્ડર, ડીસ વોશિંગ મશીન અને વાહન જેવા ૩૫ પ્રોડક્ટ રહી ગયા છે.

છેલ્લા એક વર્ષના ગાળા દરમિયાન જીએસટી કાઉન્સિલે સૌથી ઉંચા ટેક્સ સ્લેબવાળા ૧૯૧ પ્રોડક્ટ પર ટેક્સ ઘટાડી દીધા છે. જીએસટીનો પહેલી જુલાઈ ૨૦૧૭ના દિવસે લાગૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો તે વખતે ૨૮ ટકા ટેક્સ સ્લેબમાં ૨૨૬ વસ્તુઓ હતી. નાણામંત્રીના નેતૃત્વવાળી જીએસટી કાઉન્સિલે એક વર્ષના ગાળામાં ૧૯૧ વસ્તુઓથી ટેક્સ રેટ ઘટાડી દીધા છે. નવા જીએસટીના દર ૨૭મી જુલાઈથી અમલી બનનાર છે. જે ૩૫ પ્રોડક્ટ હવે સૌથી ઉંચા ટેક્સ સ્લેબમાં રહી ગયા છે તેમાં સિમેન્ટ, વાહનો, સ્પેરપાર્ટ્સ, ટાયર, વાહનના સાધનો, મોટર વાહનો, યાચ, વિમાન, ડ્રીંક્સનો સમાવેશ થાય છે. સિગારેટ અને પાનમસાલા પણ આમા સામેલ છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, આગળ ચાલીને મહેસુલી રકમ સ્થિર થઈ ગયા બાદ કાઉન્સિલ ૨૮ ટકા ટેક્સ સ્લેબને વધારે તર્કસંગત બનાવશે. સૌથી ઉંચા ટેક્સ સ્લેબને માત્ર સુપર લકઝરી અને અન્ય પ્રોડક્ટ સુધી મર્યાદિત રાખવામાં આવી છે.

ડિલોઈટ ઈન્ડિયાના અધિકારી એમએસ મણિએ કહ્યું છે કે, એવી અપેક્ષા રાખી શકાય છે કે મહેસુલી નાણા સ્થિર થઈ ગયા પછી તમામ પ્રકારના ટીવી, ડિસવોસર, ડિજિટલ કેમેરા, એસી પર ૧૮ ટકાના દરને અમલી કરવામાં આવશે. સારી બાબત એ રહેશે કે માત્ર મર્યાદિત વસ્તુઓને જ ૨૮ ટકાના ટેક્સ સ્લેબમાં રાખવામાં આવશે. ઓછા જીએસટી સ્લેબની દિશામાં આગળ વધારી શકાશે.



ગાંધીનગરમાં હજુ મેઘરાજાએ હેત વરસાવ્યુ નથી ...જો કે રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે અત્યાર સુધી સવા પાંચ ઈંચ જેટલુ પાણી ટપકયુ છે. પરંતુ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારમાં વરસાદે બઘડાટી બોલાવી ચારેકોર પાણી પાણી કરી દીધુ છે. પરંતુ ગાંધીનગરમાં હજુ વરસાદની મોસમ નિખરી નથી ત્યારે જિલ્લામાંથી પસાર થતી સાબરમત્તી નદીમાં પાણી આવતા બારેમાસ સુકીભઠ્ઠ જોવા મળતા નદીના પટનો નઝારો બદલાઈ ગયો છે. અરવલ્લી સહીતના વિસ્તારમાં ભારે વરસાદના લીધે ગાંધીનગર સાદરા વિસ્તારમાં નદીમાં પાણી આવતા સાબરમાં પાણી વહેતા થયા છે.. સહેલાણીઓ પણ આ મનભાવન દ્રશ્યનો નઝારો માંણી રહયા છે.

# સુરક્ષાદળોએ ૨૪ કલાકમાં જ કોન્સ્ટેબલની હત્યાનો બદલો લીધો

### કલાકોના ગાળામાં જ ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવી દેવાયો : ત્રણ ત્રાસવાદી મોતને ઘાટ

શ્રીનગર, તા.૨૨

જમ્મુ કાશ્મીરના કુલગામમાં આજે વહેલી પરોઢે સુરક્ષા દળોએ ત્રણ ખૂંખાર ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આ ત્રણેય ત્રાસવાદીઓ પોલીસ, કર્મચારી મોહમ્મદ સલીમનું અપહરણ કરવામાં અને તેમની હત્યા કરવામાં સામેલ હતા. સુરક્ષા દળોને આજે મોટી સફળતા મળી ગઈ હતી. કલાકોના ગાળામાં જ બદલો લઈ લેવામાં આવ્યો છે. સુરક્ષા દળના જવાનોને ત્રાસવાદીઓ પાસેથી હથિયારો પણ મળી આવ્યા છે. એન્કાઉન્ટર પૂર્ણ થયા બાદ જમ્મુ કાશ્મીર ડીજીપી એમપી વૈદ્યએ કહ્યું છે કે, આજે સવારે અથડામણમાં ત્રણ ત્રાસવાદીઓ માર્યા ગયા છે. આ તમામ આતંકવાદી કોન્સ્ટેબલ સલીમની હત્યામાં સામેલ હતા.

તમામ આતંકવાદીઓના મૃતદેહ કબજે કરી લેવામાં આવ્યા છે. તેમની પાસેથી એકે ૪૭ સહિતના હથિયારો મળી આવ્યા છે. ઠાર થયેલા ત્રાસવાદીઓ પૈકી એક ત્રાસવાદી લશ્કરે તોઈબાનો હતો અને તે સ્થાનિક હોવાનું જાણવા મળ્યું છે. બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ કુલગામમાં ખુદવાની વિસ્તારમાં આ ઓપરેશન પાર પાડ્યુંહતું. બંને તરફથી કલાકો સુધી ગોળીબારની રમઝટ જામી હતી. એન્કાઉન્ટરથી પહેલા સમગ્ર વિસ્તારને ખાલી કરાવી લેવામાં આવ્યો હતો. સુરક્ષા દળોને આ વિસ્તારમાં ત્રાસવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. શનિવારના દિવસે જ ત્રાસવાદીઓએ જમ્મુ કાશ્મીરમાં અન્ય એક જવાન સલીમ શાહનું અપહરણ કરી લીધું હતું અને મોડેથી તેમની હત્યા કરી દેવામાં આવી હતી. રજા ઉપર રહેલા જમ્મુ કાશ્મીર પોલીસના કોન્સ્ટેબલ સલીમ શાહ દક્ષિણ કાશ્મીરના કુલગામના નિવાસી હતા. સલીમ કુલગામ જિલ્લાના મુતારહામા વિસ્તારમાં રહેતા હતા. તેમનું તેમના ઘરેથી અપહરણ કરવામાં આવ્યું હતું. ગોળીઓથી છન્ની કરવામાં આવેલો મૃતદેહ મળી આવ્યા બાદ સુરક્ષા દળોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું.

# ૭ ઓગસ્ટે ધૂમકેતુ પાનસ્ટાર્સ પૃથ્વી નજીકથી પસાર થશે

નૈનિતાલ,તા.૨૨

એક વિસ્ફોટ બાદ ૧૫ ઘણો ચમકીલો બની ગયેલો ધૂમકેતુ પાનસ્ટાર્સ આગામી સાતમી ઓગસ્ટે પૃથ્વી નજીકથી પસાર થશે. તેનું નામ પાનસ્ટાર્સ સી-૨૦૧૭ એસ-૩ છે. તે લીલા રંગનો છે.

ભારતીય તારા ખગોળિય સંસ્થાના વરિષ્ઠ ખગોળ વિજ્ઞાની પ્રો. આર.સી. કપૂરે જણાવ્યું હતું કે આગામી દિવસોમાં તેની ચમક એટલી વધી જશે કે તેને પરોઢિયે પણ જોઈ શકાશે. તેનો રંગ લીલો હોવાના કારણે તેની ખૂબસુરતીમાં વધુ નિખાર આવશે. હાલ તે લગભગ ૨.૬૦ લાખ કિમીના વિસ્તારમાં ગેસિય વાદળોથી ઘેરાયેલા છે. વિજ્ઞાનીઓ એવી સંભાવના વ્યકત કરી રહ્યા છે કે કયારેક તે છિન્ન-ભિન્ન થઈ શકે છે. જાણીતા અમેરિકન મેગેઝિનમાં સ્કાય એન્ડ ટેલિસ્કોપમાં ધૂમકેતુમાં અપ્રત્યાશિત ઘટનાની વાત કહી છે. જે ખૂબ જ રોમાંચકારી સાબિત થઈ શકે છે.

# મોદી ૨૦૨૪ સુધી વડાપ્રધાન તરીકે રહી શકે છે : અહેવાલ

નવીદિલ્હી,તા. ૨૨

જ્યારે જળવાયુ પરિવર્તન, ગરીબી અથવા તો શાંતિ સ્થાપિત કરવા જેવી લાંબી અવધિના વૈશ્વિક પડકારોને પહોંચી વળવાની વાત કરવામાં આવે છે ત્યારે આ બાબત પણ ખુબ જરૂરી બની જાય છે કે, કયા નેતાઓમાં આ તમામ પડકારોને પહોંચી વળવાની ક્ષમતા છે. તાજેતરમાં જ રસપ્રદ રિપોર્ટ આ સંદર્ભમાં જારી કરવામાં આવ્યા બાદ વ્યાપક ચર્ચા છે. બ્લુમ્બર્ગના એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૯માં જ નહીં બલ્કે ૨૦૨૪માં યોજાનાર ચૂંટણી પણ જીતી શકે છે અને તેઓ ૨૦૨૯ સુધી ભારતના વડાપ્રધાન તરીકે રહી શકે છે. બ્લુમ્બર્ગના રિપોર્ટમાં દુનિયાના ૧૬ દેશોના નેતાઓની રાજકીય કેરિયરની વયના સંદર્ભમાં માહિતી આપવામાં આવી છે.

હવે જ્યારે ૨૦૧૯માં યોજાનારી ચૂંટણી આડે ૧૦ મહિનાનો સમય રહ્યો છે ત્યારે બ્લુમ્બર્ગના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં નરેન્દ્ર મોદી સ્પષ્ટરીતે જીતીને આવશે. એટલે કે, ૧૩૦ કરોડની વસ્તીવાળા દેશ પર ૨૦૨૪ સુધી નરેન્દ્ર મોદી જ શાસન કરનાર છે. રિપોર્ટ મુજબ ૬૮ વર્ષીય મોદી હજુ સુધી સૌથી લોકપ્રિય ભારતીય નેતા તરીકે છે. વિપક્ષી કોંગ્રેસ પાર્ટીમાં કોઈ કરિશ્માવાળા નેતા નહીં હોવાના કારણે મોદીની જીત માટે સ્પષ્ટ કારણ દેખાય છે. રિપોર્ટ મુજબ ભલે ભાજપ સરકારની નીતિઓ અર્થવ્યવસ્થા માટે નુકસાનકારક છે પરંતુ સામાન્ય લોકોની વચ્ચે આ નીતિઓને લઈને રચનાત્મક ભાવના છે.

# ખોટા નિવેદનો કરનારા સામે કાર્યવાહી કરાશે : રાહુલ ગાંધી

નવીદિલ્હી, તા. ૨૨

રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસ કારોબારી કમિટિની આજે પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં રાહુલ ગાંધી, યુપીએના અધ્યક્ષ સોનિયા ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રોમાંથી આવેલા ૩૫ સભ્યોએ પોતાની રજૂઆત કરી હતી. કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પાર્ટીના વોટના નેટવર્કને વધારવાની બાબત સૌથી પડકારરુપ છે. બીજી બાજુ બિનજવાબદારીવાળા નિવેદનને લઈને પણ નારાજગી વ્યક્ત કરી હતી. રાહુલે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, તેઓ મોટી લડાઈ લડી રહ્યા છે જેથી ખોટા નિવેદન કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. રાહુલે કહ્યું હતું કે, તમામને પાર્ટી ફોરમમાં બોલવા માટેના અધિકાર છે પરંતુ પાર્ટીના કોઈ નેતા ખોટુ નિવેદન કરશે તો તેઓ કાર્યવાહી કરશે. એમ માનવામાં આવે છે કે, રાહુલ ગાંધી પાર્ટીના નેતા શશી થરુર દ્વારા આપવામાં આવેલા નિવેદનને લઈને નાખુશ છે. શશી થરુરે હાલમાં જ કહ્યું હતું કે, ભાજપ ૨૦૧૯માં જીતશે તો ભારત હિન્દુ પાકિસ્તાન બની જશે.

# ભાજપ-ટીઆરએસ સાથે મળીને ચૂંટણી લડી શકે છે

નવીદિલ્હી,તા. ૨૨

લોકસભામાં શુક્રવારના દિવસે અવિશ્વાસ દરખાસ્ત ઉપર ગરમાગરમ ચર્ચા બાદ જવાબમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેલંગાણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવની ભરપુર પ્રશંસા કરી હતી. આના કારણે એક નવી ચર્ચા છેડાઈ ગઈ છે. એવી ચર્ચા છેડાઈ ગઈ છે કે, હજુ સુધી બિન ભાજપ અને બિન કોંગ્રેસ મોરચાની તરફેણ કરી રહેલા ચંદ્રશેખર રાવ ગઠબંધન કરીને આગામી ચૂંટણીમાં મેદાનમાં ઉતરશે.

જો કે, તેલંગાણા રાષ્ટ્રીય સમિતિએ ભાજપ સાથે કોઈપણ પ્રકારના ગઠબંધનનો હાલમાં ઈન્કાર કર્યો છે. ટીઆરએસના નેતૃત્વએ ખુલાસો કર્યો છે કે, પાર્ટી આગામી ચૂંટણીમાં ભાજપની સાથે ગઠબંધન કરશે નહીં. બીજી બાજુ તેલંગાણામાં ભાજપ તરફથી આવા કોઈ પ્રયાસ હજુ સુધી થઈ રહ્યા નથી.

## રાજસ્થાનમાં ભાજપના મુખ્યમંત્રી પદના દાવેદાર વસુંધરા રાજે હશે..!

રાજસ્થાનમાં મુખ્યમંત્રી ઉમેદવાર પર ચાલી રહેલી ચર્ચાનો આખરે અંત આવી ગયો છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આખરે રાજસ્થાન મુખ્યમંત્રી ઉમેદવારનું નામ જાહેર કરી દીધું છે. અમિત શાહે કહ્યું કે રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રી વસુંધરા રાજે જ પાર્ટીનું નેતૃત્વ સંભાળશે. રાજસ્થાનમાં વર્ષના અંતમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

વજન ઘટાડો
આખી દુનિયા કહે છે કે વજન ઘટાડો અરે ! ભાઈ પેટ ઘટાડો ને
વૈદ્યશ્રી નંદકુમાર વજન ઘટાડવાના નિષ્ણાંત
પેટ ઘટાડવાથી ડાયાબીટીશ, ગેંગરીન, હાર્ટ એટેક, કેન્સર, ઘુંટણના દર્દ, બ્લડ પ્રેશર જેવા ભયંકર રોગોમાંથી મુક્તિ મેળવો.
ઔષધ, આહાર અને યોગનો પવિત્ર સુયોગ
સ્ત્રી હંમેશા બ્યુટીફુલ હોવી જોઈએ અને પુરૂષ હંમેશા હેન્ડસમ હોવો જોઈએ.
સમય : સવારે ૯ થી ૧.૩૦, સાંજે ૫-૩૦ થી ૯-૩૦ (સોમથી શનિ)
૧૦૫, સ્વાગત રેઈન ફોરેસ્ટ-૧, દેનાબેંકની ઉપર, પ્રતિક મોલની સામે, કુડાસણ
આપનો કિંમત સમય સાચવવા મોબાઈલ પર એપાઈન્ટમેન્ટ લઈને આવવું.
મો. ૯૨૬૫૪ ૩૯૪૬૩, ૮૪૦૧૪ ૩૩૭૧૮

